રાજ્યમાં કોરોના કેસમાં વિક્રમી વધારો : નવા ૬૧૫

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૮ લોકોનાં મોત થયા : રાજ્યમાં કુલ સંક્રમિતોનો આંકડો ૩૦૭૭૩ થયો અને કુલ મૃત્યુઆંક ૧૭૯૦ થયો : અમદાવાદમાં ૨૧૧ કેસ

ગાંધીનગર,તા.૨૭

ગુજરાતમાં કોરોનાનો કહેર યથાવત રહેતા આજે વિક્રમજનક ૬૧૫ પોઝીટીવ કેસ ૨૪ કલાકમાં ઉમેરાયા હતા. રાજ્યમાં કોરોનાને લીધે ૨૪ કલાકમાં ૧૮ના મૃત્યુ થયા છે. આ સાથે મૃત્યુઆંક ૬૭૯૦ થયો છે અને કુલ કોરોનાના સંક્રમિતોનો આંકડો ૩૦૭૭૩ થયો છે. કચ્છના આર્મી કેન્ટોનમેન્ટમાં ૧૧ કોરોના પોઝીટીવ જવાનો થતા તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. રાજ્યમાં આજે ૩૧૯ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. આ સાથે રાજ્યમાં કુલ ડિસ્ચાર્જ ૨૨૪૧૭ જણા થયા છે. આજે વેન્ટીલેટર પર ૬૯ દર્દી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૯૬૯ કોરોનાના ટેસ્ટ કરતા કુલ ૬૧૫ વ્યક્તિઓને કોરોના પોઝીટીવ આવ્યો છે જે અત્યાર સુધીનો એક દિવસનો રેકોર્ડ બ્રેક આંકડો બન્યો છે.

રાજ્યમાં આજે અમદાવાદ કોર્પોરેશનમાં ૧૦ અને જિલ્લામાં ૨, સુરત કોર્પોરેશનમાં ૨, રાજકોટ કોર્પોરેશનમાં ૧, ગાંધીનગરમાં ૧, બોટાદમાં ૧ અને જુનાગઢ કોર્પોરેશનમાં ૧ સાથે કુલ ૧૮ના મૃત્યુ થયા છે. રાજ્યમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં વધુ ૨૧૧ પોઝીટીવ દર્દી નોંધાતા શહેરમાં કોરોનાથી કુલ સંક્રમિતનો આંકડો ૨૦૨૬૯ થયો છે. આજે શહેર અને જિલ્લામાં વધુ ૧૨ મોત સાથે મૃત્યુઆંક ૧૪૧૦ થયો છે. સુરત શહેર અને જિલ્લામાં વધુ ૧૮૪ દર્દી ઉમેરાતા કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૪૨૪૨ થયો છે અને વધુ બે મોત સાથે મૃતાંક ૧૪૭ થયો છે. વડોદરા શહેર અને કોર્પોરેશનમાં ૨૪ કલાકમાં કોરોના પોઝીટીવના ૪૭ નવા કેસ ઉમેરાતા અહીં કુલ સંક્રમિતનો આંકડો ૨૧૨૧ થયો છે. જ્યારે ગાંધીનગરમાં ૯ વધુ કેસ આજે કોરોનાના ઉમેરાયા હતા. સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬૨૫ થયો છે. આજે એક વધુ મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૮ થયો છે. રાજ્યના આઠ કોર્પોરેશન અને ૨૯ જિલ્લામાં આજે કોરોનાએ પગપેસારો કર્યો છે. જે વિભાગ માટે ચિંતાનો વિષય બન્યો છે. રાજ્યમાં રીકવરી રેટ ૭૩.૦૮ થયો છે અને ડબલીંગ રેટ જે ૧૫ દિવસનો હતો તે ૨૮ દિવસનો થયો છે અને ડેટા રેટ જે અગાઉ ૬.૨૫ ટકા હતો તે ગત સપ્તાહમાં ૩.૮૮ ટકા થયો છે. રાજ્યમાં કુલ એક્ટીવ કેસ ૬૫૬૬ છે જેમાં ૬૯ વેન્ટીલેટર પર અને ૬૪૯૭ સ્ટેબલ છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૦૨૬૯	૧૪૧૧	૧૫૪૭૯
સુરત	૪૨૪૨	૧૫૩	૨૮૦૧
વડોદરા	૨૧૨૧	૪૭	૧૪૮૩
રાજકોટ	૨૪૦	૦૬	૧૧૬
ગાંધીનગર	૬૨૫	૨૮	૪૪૩
ભાવનગર	૨૪૦	૧૩	૧૪૭
કચ્છ	૧૪૧	૦૫	૯૨
મહેસાણા	૨૫૧	૧૧	૧૪૦
ગીર-સોમનાથ	૬૯	૦૧	૪૭
પોરબંદર	૧૪	૦૨	૧૦
પંચમહાલ	૧૬૮	૧૫	૧૨૭
પાટણ	૧૬૪	૧૪	૧૧૦
છોટાઉદેપુર	૫૫	૦૨	૩૭
જામનગર	૧૯૦	૦૪	૯૧
મોરબી	૧૬	૦૧	૦૬
સાબરકાંઠા	૧૬૬	૦૮	૧૧૪
આણંદ	૧૯૩	૧૩	૧૬૫
દાહોદ	૫૯	૦૦	૪૩
ભરૂચ	૨૦૫	૦૮	૧૦૦
બનાસકાંઠા	૧૬૯	૦૯	૧૪૮
ખેડા	૧૪૦	૦૫	૧૦૫
બોટાદ	૮૨	૦૩	૬૩
નર્મદા	૮૮	૦૦	૩૩
અરવલ્લી	૧૯૨	૧૭	૧૬૦
મહીસાગર	૧૩૫	૦૨	૧૧૦
નવસારી	૮૯	૦૧	૪૦
તાપી	૦૭	૦૦	૦૫
વલસાડ	૯૩	૦૩	૪૭
જૂનાગઢ	૮૦	૦૧	૪૮
સુરેન્દ્રનગર	૧૧૯	૦૫	૬૫
દેવભૂમિ દ્વારકા	૨૦	૦૧	૧૫
ડાંગ	૦૪	૦૦	૦૪
અમરેલી	૬૨	૦૬	૨૮
કુલ	૩૦૭૭૪	૧૭૯૦	૨૨૪૧૭

બનાસકાંઠા વધુ બે કોરોના પોઝિટિવ કેસ નોંધાયા

પાલનપુરના મડાણા (ડાં) અને ડીસાની મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર દિવસે દિવસે વધી રહ્યો છે. જ્યાં શનિવારે પાલનપુરના મડાણા (ડાં) નો યુવક અને ડીસાની મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની સાથે જિલ્લામાં આંક ૧૭૨ પહોચ્યો છે. જયારે અત્યાર સુધીમાં નવ વ્યકિતના મોત નિપજી ચૂક્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે.

એક પછી એક કેસ વધતાં લોકોમાં ફફડાટ પ્રસરી રહ્યો છે. જ્યાં પાલનપુરના મડાણા (ડાં) નો યુવક અને ડીસાની મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, પાલનપુર પાલનપુરના મડાણા (ડાં) નો યુવક અને ડીસાની મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમને તાત્કાલિક કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જયારે તેમના સંપર્કમાં આવેલા પરિવાર તેમજ અન્ય લોકોને હોમ કોરેન્ટાઈન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આંક ૧૭૨ પહોચ્યો છે. જયારે અત્યાર સુધીમાં નવ વ્યકિતના મોત નિપજી ચૂક્યા છે.

ધાનેરામાં સેવાભાવી લોકોએ કપિરાજની અંતિમ વિધિ કરી

બેફામ ચાલતા વાહન ચાલકો ક્યાંક અકસ્માત સર્જશે તો ક્યાંક અબોલ પશુ પક્ષીઓને અડફેટે લેતાં મોત નિપજે છે ત્યારે આજે ધાનેરા તુલસી નગર સોસાયટી નજીક એક અજાણ્યા વાહનચાલકે કપિરાજ ને અડફેટે લેતા દંપતીનું મોત નીપજ્યું હતું અજાણ્યા વાહનચાલકે કપિરાજ ને અડફેટે લેતા કપિરાજ ગંભીર રીતે ઘાયલ થયા હતા ત્યારે આજુબાજુથી લોકોએ દોડી આવી તેમને બચાવવા માટેના પ્રયાસો કર્યા હતા પરંતુ વધુ પડતી ઈજા હોવાથી આખરે કવિરાજ નું મોત થયું હતું ત્યારે સેવાભાવી લોકો દ્વારા કવિરાજ ની અંતિમ વિધિ કરવામાં આવી હતી અંતિમ વિધિના સમય આજુબાજુ કવિરાજ નું ટોળું જોવા મળ્યું હતું ત્યારે અંતિમ વિધિ બાદ સેવાભાવી લોકો દ્વારા અન્ય કપિરાજ ઓને બિસ્કીટ આપવામાં આવ્યા હતા પરંતુ એક પણ કપિરાજે બિસ્કીટ ખાધું ન હતુ ક્યારે અકસ્માતમાં મૃત્યુ પામેલા કપિરાજ ને મોતના ઘેરા પ્રત્યાઘાતો અન્ય કપિરાજમાં પણ જોવા મળ્યા હતા.

ધાનેરા કોટડા વિસ્તારમાં આદિવાસી શાળા પાસે આવેલ ડીપીમાં આગ ભભૂકી

રાત્રે નવ વાગ્યાના સુમારે અચાનક વીજળી ગુલ થતાં આ વિસ્તાર અને વેપારી વાસ,વ્હોરવાડ,બગીચા લાઈન,અને નગરપાલિકા વિસ્તારમાં અંધકાર છવાઈ ગયો હતો ડીપીમાં ભયંકર આગ લાગી છે તેવી બૂમા બૂમ થતા લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા નગરપાલિકા ને જાણ કરતા લાય બંબો ઘટનાસ્થળે પહોંચ્યો હતો નગરપાલિકાના સિનિયર કર્મચારી રામભાઈ તથા અન્ય કર્મચારી સ્થળ પર પહોંચ્યા હતા વિધુત બોર્ડ ને જાણ કરતા કર્મચારીઓ આવી અને ડીપી ના લગ રિયા ઉતારી અન્ય વિસ્તારમાં વિધુત પ્રવાહ ચાલુ કરવામાં આવેલ. વધુ પડતા વીજ ભાર ને લીધે આ ડીપીમાં અવારનવાર ફોલ્ટ સર્જાયો છે તેની રજૂઆતો આ વિસ્તારના નાગરિકો વિધુત બોર્ડ ધાનેરામાં અવારનવાર કરેલ છે...જો કે મોડેથી આ ડી.પી. દુરસ્ત કરી વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવેલ. નજીકમાં જ આવેલ ગણપતિજી ના મંદિર પાસે નવીન ડી.પી નાખ્યા ને દોઢ વર્ષ જેવો સમય થઈ ગયો છે છતાં તે જીડીપીમાં કનેક્શન આપીઆ ડીપી નો વીજ ભાર ઓછો કરવા તે ચાલુ કરવામાં કયા ગ્રહ નડે છે.

પોલીસે વધુ બે શખ્સોને હથિયાર સાથે ઝડપી લીધા

શું અમદાવાદ બની રહ્યું છે હથિયારોનું હબ ? : પીસીબીએ શાહઆલમમાંથી રઈશ આલમ શેખ જ્યારે કાઇમ બ્રાંચે ખાનપુર નજીકથી સોહિલ રાઠોડને ઝડપ્યા

અમદાવાદ, તા. ૨૭

અમદાવાદ : અમદાવાદ શહેર હવે જાણે કે હથિયારોનું હબ બની રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આ અંગે છેલ્લા કેટલાક સમયથી વાત કરવામાં આવે તો અમદાવાદમાંથી હથિયારો સાથે અને આરોપીઓની ધરપકડ કરી છે. શહેરમાં વધુ બે જગ્યાએથી હથિયારો મળવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે.

શહેરના શાહઆલમ વિસ્તારમાંથી પીસીબીએ હથિયારો સાથે એક આરોપી ની ધરપકડ કરી છે. પોલીસે રઈશ આલમ શેખ નામના આરોપીની ધરપકડ કરી તેની પાસેથી એક દેશી બનાવટની પિસ્ટલ, એક દેશી બનાવટની પિસ્તલનું ખાલી મેગજીન અને પાંચ નંગ કારતૂસ મળી આવ્યા છે. આરોપી ની પૂછપરછ કરતા જાણવા મળ્યું છે કે, આરોપી આ હથિયાર ગોમતીપુરના યાસીન કાણીયો પાસેથી ખરીદી હોવાનું જાણવા મળ્યું છે.

જ્યારે બીજા બનાવની વાત કરીએ તો અમદાવાદ કાઈમ બ્રાન્ચ અને બાતમી મળી હતી કે ખાનપુર કામા હોટલથી રીવર ફ્રન્ટ તરફ એક યુવાન હથિયાર લઈને પસાર થવાનો છે. બાતમીના આધારે કાઈમ બ્રાન્ચ દ્વારા વોચ ગોઠવીને આ યુવાનને ઝડપી પાડવામાં આવ્યો છે. જેનું નામ સોહિલ રાઠોડ અને પોતે શાહપુરનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

આરોપી પાસેથી કાઈમ બ્રાન્ચે હાથની બનાવટની પિસ્તલ જેવું એક હથિયાર જપ્ત તે કર્યું છે. આ અગાઉ પણ છેલ્લા કેટલાક દિવસ દરમિયાન કાઈમ બ્રાન્ચ એ હથિયાર સાથે કેટલાક આરોપીઓની ધરપકડ કરીને હથિયાર કબ્જે કર્યા છે.

જ્યારે દાણીલીમડા પોલીસે પણ કેટલાક દિવસ અગાઉ ૪ હથિયાર અને ૨૬ કારતૂસ સાથે આરોપીઓની ધરપકડ કરી હતી. હાલમાં પોલીસ દ્વારા આ બંને ગુનામાં આરોપીઓની પૂછપરછ શરૂ કરી ને વધુ તપાસ હાથ ધરી છે કે તેઓ હથિયાર શા માટે લાવ્યા હતા.

વલસાડ જિલ્લાનાં સરીગામની જીઆઈડીસીમાં ભયાનક આગ

વલસાડ, તા. ૨૭

ફરી એક વાર જીઆઈડીસીમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. વલસાડનાં સરીગામમાં આવેલી જીઆઈડીસીમાં આગ લાગી છે. રબર બનાવતી કંપનીમાં એકાએક ભીષણ આગ ફાટી નીકળી છે. ફણસામાં આવેલી દસમેશ રબર ઈન્ડસ્ટ્રીઝમાં આગ લાગતા ચારેબાજુ ભારે અફરા તફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. જો કે સમયસર ફાયરવિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

ફાયર વિભાગની ટીમ દ્વારા આ આગ પર કાબૂ મેળવવાનાં સંપૂર્ણ પ્રયાસ હાથ ધરાયાં છે. એકાએક આગ ફાટી નીકળતા આખી કંપની આગની જ્વાળાઓમાં લપેટાઈ ગઈ હોવાંથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ સાથે કંપનીમાં ઘણું બધું નુકસાન પણ થયું છે. જો કે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નથી થઈ.

ઉમરગામ તાલુકાનાં સરીગામમાં આવેલી જીઆઈડીસીમાં આવેલી દસમેશ રબર ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં મોડી રાત્રે ભીષણ આગ લાગી હતી. શરૂઆતમાં તો માત્ર કંપનીનાં એક ભાગમાં જ આગ પકડાઈ હતી પરંતુ બાદમાં આગ કંપનીની તમામ જગ્યા સુધી પ્રસરી જતા આગે ભયંકર સ્વરૂપ ધારણ કરી દીધું હતું જેથી કંપનીને ખૂબ મોટી માત્રમાં નુકસાન થયું છે.

કિન્નરોએ પૈસા માટે ઘરે આવી હેરાન કરતા પોલીસ બોલાવી

અમદાવાદ, તા. ૨૭

વસ્ત્રાપુરનાં પોશ સુરેલ એપાર્ટમેન્ટમાં કિન્નરોએ યજમાનીના પૈસા માટે વારંવાર પરેશાન કરતા પરિવારે પોલીસને જાણ કરી હતી. વસ્ત્રાપુર પોલીસે આ અંગે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. વસ્ત્રાપુરના સુરેલ એપાર્ટમેન્ટમાં રહેતા ધ્રુતી પંચના ત્યાં ૨૦૧૬માં માસીબા હોળીના પૈસા લેવા આવ્યા હતા. તે સમયે ધ્રુતિબેને રૂ.૧૫ હજાર યજમાની આપી હતી. ધ્રુતિબેનને ત્યાં અવારનવાર માસીબા પૈસા લેવા માટે આવતા હતા. આથી ધ્રુતિબહેનએ માસીબાને જણાવ્યું કે, મહેરબાની કરીને મારા ઘરે ના આવતા, હવે મારી પાસે પૈસા નથી. તે પછી પણ માસીબા અને તેમના ગ્રૂપના લોકો સતત ધ્રુતિબહેનના ઘરે આવતા હતાં.

ગત તારીખ ૨૦મી એપ્રિલના રોજ નયના માસી સહિતના કિન્નરો ધ્રુતિબહેનના ઘરે પહોંચ્યા હતા. ધ્રુતિબહેન ઘરે નહીં હોવાનું તેમના પતિએ જણાવ્યું તો મોબાઈલ નંબર માગવા લાગ્યા હતા. ગઈકાલે શુક્રવારે પણ પાંચ જેટલા કિન્નરોએ ધ્રુતિબહેનનાં ઘરે જઈ તેમની દીકરી સાથે ઝઘડો કર્યો.

આગમન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેને પશ્ચિમી રાજસ્થાનના શ્રીગંગાનગર પહોંચવામાં ૪૫ દિવસનો સમય લાગે છે જે દેશનું અંતિમ સ્થળ છે. હવામાન વિભાગે આગામી થોડા દિવસોમાં બિહાર, પશ્ચિમ બંગાળ, સિક્કીમ, અસમ, મેઘાલય અને અરૂણાચલ પ્રદેશમાં ભારે વરસાદની ભવિષ્યવાણી કરી છે. આગામી ચાર-પાંચ દિવસ દરમિયાન પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર, અને ઝારખંડના કેટલાક સ્થળો પર ગર્જના સાથે વરસાદ અને વિજળી પડવાની આશંકા છે. હવામાન વિભાગે કહ્યું કે આ હવામાન પેટર્નના કારણે ૨૭ જૂનના રોજ બિહાર, ઉપ હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કીમ, અસમ, મેઘાલય અને અરૂણાચલ પ્રદેશમાં અલગ-અલગ સ્થળો પર ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. ૨૮-૨૯ જૂનના રોજ મૂશળાધાર વરસાદની આશંકા છે.

સ્થિતિ સારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતમાં વાઈરસનો પ્રભાવ ઘણો ગંભીર હશે. લૉકડાઉનના કારણે સરકાર અને લોકો દ્વારા સંચાલિત લડતની કેટલીક પહેલના કારણે ભારત કેટલાક અન્ય દેશોની તુલનામાં ઘણો સારો છે. ભારતમાં સાજા થવાનો દર વધી રહ્યો છે. વડાપ્રધાન મોદીએ કહ્યુ, જન આધારિત લડતે અત્યાર સુધી સારા પરિણામ આપ્યા છે પરંતુ શુ આપણે આ મુદ્દે નજરઅંદાજ કરી શકીએ છીએ? બિલકુલ પણ નહીં. આપણે હવે વધારે સાવધાન રહેવાની જરૂર છે. માસ્ક પહેરવુ, સામાજિક અંતર, બે ગજની દૂરી, ભીડવાળા સ્થળોથી દૂર રહેવુ હજુ પણ જરૂરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં ભારત સરકારે અર્થવ્યવસ્થા સંબંધિત અલ્પકાલિન અને દીર્ઘકાલિન બંને મુદ્દાને સંબોધિત કર્યા છે. સમુદ્રથી અંતરિક્ષ સુધી, ખેતરોથી ફેક્ટરીઓ સુધી, લોકોના અનુકૂળ અને વિકાસના અનુકુળ નિર્ણય લેવામાં આવ્યા છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યુ કે હુ ડૉ. જોસેફને શુભકામનાઓ આપુ છુ અને હુ તેમના લાંબા જીવન અને સર્વશ્રેષ્ઠ સ્વાસ્થ્યની કામના કરૂ છુ. ડૉ. જોસેફ માર થોમાએ આપણા સમાજ અને રાષ્ટ્રના સારા માટે પોતાનુ જીવન સમર્પિત કરી દીધુ. તેઓ વિશેષરીતે ગરીબી હટાવો અને મહિલા સશક્તિકરણને લઈને ઉત્સાહી રહ્યા. માર થોમા ચર્ચ સેન્ટ થૉમસના મહાન આદર્શો, પ્રભુ મસીહના પ્રેરિતોની સાથે નિકટતા સાથે જોડાયેલા છે. ભારત હંમેશાથી કેટલાક સ્ત્રોતોના આધ્યાત્મિક પ્રભાવને લઈને ખુલ્લુ રહ્યુ છે. આ વિનમ્રતાની ભાવનાની સાથે માર થોમા ચર્ચે ભારતીયોના જીવનમાં એક સકારાત્મક અંતર લાવવાનુ કામ કર્યુ છે. તેમણે સ્વાસ્થ્ય સેવા અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં કામ કર્યુ છે.

કોરોના બેફામ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે ભારતની વાત કરીએ તો કુલ દર્દીઓની સંખ્યા ૫ લાખને પાર થઈ ચૂકી છે. તેમજ કુલ મૃત્યુ આંક ૧૫,૬૮૫નો છે. તા.૨૭મી જૂને સવારે ૮ સુધીમાં ભારતમાં સક્રિય કેસોની સંખ્યા ૧,૯૭,૩૮૭ની જોવા મળી છે. ભારતમાં કોરોનાનો સૌથી વધુ કહેરમાં મહારાષ્ટ્રમાં છે. અહીંયા કુલ ચેપગ્રસ્તોની સંખ્યા ૧.૫૨ લાખની છે. જેમાં સૌથી વધુ મુંબઈમાં ૭૨,૧૭૫ દર્દીઓનો સમાવેશ થાય છે.

ભારતમાં ખતરનાક વાયરસ અંગે સરકાર તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા જનજાગૃતિના અથાગ પ્રયાસો કરવા છતાંય ખાસ કરીને અનલોક-૦૧માં જ શહેરી વિસ્તારોમાં લોકો તમામ નીતિનિયમોને નેવે મુકતા જોવા મળી રહ્યા છે. જેના કારણે કોરોનાના ચેપગ્રસ્તોની સંખ્યામાં પણ રોજબરોજ વધતી જોવા મળી રહી છે. આંકડાકીય વિગતો પર નજર કરીએ તો ૧૯મી મેએ ભારતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧,૧૧,૦૩૯ની હતી. આ આંકડો માત્ર ૧૧૦ દિવસનો હતો. ત્યારે પોઝીટીવિટીનો રેટ ૪.૮૯ ટકા હતો. ત્યારબાદ તા.૧૯મી મેથી લઈને અત્યાર સુધી(તા.૨૭મી જૂન) એટલે કે ૩૯ દિવસોમાં જ કુલ ચેપગ્રસ્તોની સંખ્યા ૪,૦૭,૮૧૪ પર પહોંચી ચૂકી છે. આમ તા.૧૯મી મે પછીથી કોવિડ-૧૯ના કેસોની સંખ્યામાં અચાનક વધારો થતો જોવા મળી રહ્યો છે. ૧૯મી મે પછી તા.૩જી જૂને કોરોનાના ચેપગ્રસ્તોની સંખ્યા ૨,૦૭,૬૧૫ પર પહોંચી ગઈ હતી. પોઝીટીવિટી રેટ ૬,૪૯ ટકા રહ્યો હતો. આમ ૧૯મી મેથી ૩જી જૂન દરમિયાન માત્ર એક પખવાડિયામાં જ કોરોનાના કેસોની સંખ્યામાં ૧,૦૬,૪૭૬નો વધારો થયો. તે પછી તો કોરોનાનો વાયરસ જ અનલોક થયો તેવી સ્થિતિ જોવા મળી હતી. કારણ તા.૧ ૩મી જૂને કોરોનાના કેસોની સંખ્યા ૩,૦૮,૯૯૩ પર પહોંચી ગઈ હતી. એટલે કે પહેલાં એક લાખનો આંકડો પાર થતાં દિવસ લાગ્યા હતા. જે ત્યારબાદ માત્ર ૧૦ જ દિવસમાં પાર થઈ ચૂક્યો હતો. તેની સાથે સાથે પોઝીટીવિટી રેટ પણ ૭.૯૭ ટકા પર પહોંચી ગયો હતો.

ત્યારબાદ કોવિડ-૧૯ના દર્દીઓની સંખ્યાને એક લાખનો આંક પાર કરવામાં દિવસો ઘટતા ગયા હતા. ૧ ૩મી જૂનથી ૨૧મી જૂનના દરમિયાન કોરોનાના કેસોની સંખ્યામાં ફરીથી ૧,૦૧,૪૬૮નો વધારો થયો. આમ માત્ર ૮ જ દિવસમાં ચેપગ્રસ્તોની સંખ્યા એક લાખને પાર થઈ ચૂકી હતી. તા.૨૧મી જૂને કોરોનાના કેસોની સંખ્યા ૪,૧૦,૪૬૧ પર પહોંચી ગઈ હતી. તેમજ પોઝીટીવિટી રેટ ૮.૦૮ ટકા પર પહોંચી ગયો.

મુક્ત થયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જાકિર મૂસા જેવા ખૂંખાર આંતકવાદીઓ તેમનો ડર ફેલાવ્યો હતો.

જો કે ભારતીય સુરક્ષાબળોએ હાલમાં તેને મોતને ઘાટ ઉતાર્યો છે. શુક્રવારે ત્રાલના ચેવા અલ્લાર વિસ્તારમાં ૩ આતંકીઓ ઢેર કર્યા પછી કાશ્મીર ઝોનના આઈજી વિજય કુમારે જણાવ્યું કે હવે આ વિસ્તારમાં હિજબુલ મુઝાહિદ્દિનનો એક પણ સક્રિય આતંકી નથી બચ્યો. તેમણે જણાવ્યું કે ૧૯૮૯માં ત્રાલમાં સક્રિય હતા પણ હવે અહીંના તમામ આતંકી માર્યા ગયા છે.

મારીચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિશેષતા પ્રદર્શનો પર તે ખરી ઉતરી હતી. નૌસેનાના કહેવા પ્રમાણે 'મારીચ'ને સામેલ કરવામાં આવે તે સ્વદેશી સંરક્ષણ તકનીકના વિકાસની દિશામાં નૌસેના અને ડીઆરડીઓના સંયુક્ત સંકલ્પનું સાક્ષી છે તથા સરકારની 'મેક ઈન ઈન્ડિયા' પહેલ અને દેશના તકનીક ક્ષેત્રે આત્મનિર્ભર બનાવાના સંકલ્પની દિશામાં એક મોટું પગલું છે.

સંરક્ષણ એન્ટરપ્રાઈઝ ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા આ વિધ્વંસક પ્રણાલીનું ઉત્પાદન કરવામાં આવશે. અગ્રિમ હરોળના તમામ યુદ્ધ જહાજો પરથી તાકી શકાય તે માટે સક્ષમ અદ્યતન ટોર્પિડો વિધ્વંસક પ્રણાલી મારીચ માટે એક કરાર સુધી પહોંચવાની સાથે આજે ભારતીય નૌસેનાને એન્ટી સબમરીન યુદ્ધ ક્ષમતામાં મોટી સફળતા મળી છે.

ભારત સજ્જ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લદ્દાખની વાત કરીએ તો તેની પર ૫૭.૪ કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. જેનાંથી જમ્મુ-કાશ્મીરનાં પણ અનેક ગામડાંઓમાં લોકો ફોનની સુવિધાનો ફાયદો ઉઠાવી શકશે. લદ્દાખમાં જે મહત્વપૂર્ણ વિસ્તારોને સેટેલાઈટ ફોન કનેક્શન મળશે, તેમાં ગલવાન ઘાટી, દૌલત બેગ ઓલ્ડી, હૉટ સ્પ્રિંગ્સ, ચુશુલ શામેલ છે. એ તમામ વિસ્તારોને વાસ્તવિક નિયંત્રણ રેખા સાથે જોડાયેલ છે. ગલવાન ઘાટીમાં જ તાજેતરમાં ચીન સાથે સંઘર્ષ થયું હતું. જ્યારે દૌલત બેગ ઓલ્ડીમાં ભારતનું સૈન્ય ઠેકાણું છે. જ્યાં સંચાર વ્યવસ્થાને દુરસ્ત કરવાની માંગ લાંબા સમયથી કરવામાં આવી રહી હતી. લદ્દાખનાં એગ્જિક્યુટિવ કાઉન્સીલર કુનચોર સ્ટાંજીએ જણાવ્યું કે, ''ચીને પોતાની સીમામાં ફોન નેટવર્કનો વિસ્તાર કર્યો છે. તેમને ત્યાં નેટવર્કની સ્થિતિ ખૂબ સારી છે. ભારતે પણ આ દિશામાં હવે કામ કરવાનું શરૂ કર્યું છે.

વધુ ૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પેથાપુરમાંથી એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવાન સે. ૧૭ માં દુકાન ધરાવતો હોવાનું જાણવા મળેલ છે. આ યુવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. પેથાપુરમાં કેસોની સંખ્યા વધી રહી છે જે તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.

વાવોલમાંથી પણ વધુ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તો ભાટમાંથી એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. ચિલોડાના જનકપુરી વિસ્તારમાંથી એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્ર દ્વારા આજે મળેલા આ દર્દીઓના પરિવારજનોને હોમ ક્વોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

કલોલમાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. જે ૩ કેસ મળી આવેલ છે તેમાં કલોલ અર્બન વિસ્તારમાંથી બે અને બોરીસણામાંથી એક કેસ મળી આવેલ છે. કલોલમાં મળેલા ૩ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં અત્યારે હાલ ૧૫,૪૦૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં નવી તૈયાર કરાયેલ રણનીતિ કેવા પરિણામ આપે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

જિલ્લામાં આજે વધુ ૭ દર્દી રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૪૩૩ પર પહોંચી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૫-બીમાંથી એક નિવૃત્ત અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીના પરિવારના ૬ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આ નિવૃત્ત અધિકારીને ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૬-બી માંથી આજે વધુ એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. વિરમગામ સ્થિત એક ફાર્મા કંપનીમાં આ યુવાન નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. આ યુવાનને પણ ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૩-બી માંથી ખાનગી કંપનીમાં નોકરી કરતા એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનના પરિવારના ૬ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરી અને તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર શહેરમાં નોંધાયેલા કેસો પૈકી ૧૭૦ દર્દી રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જ્યારે હાલ ૩૮ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં હાલ ૨૭૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

વિજથાંભલા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બદલવા માટે પણ સમયાંતરે આયોજન કરવામા આવી રહ્યુ છે. નગરના ગ માર્ગ પર નવા વિજથાંભલા નાંખવાનુ કામ તંત્ર દ્વારા શરૂ કરી દેવાયુ છે. નગરના ગ માર્